| | |
|---|---|
| દાખલ થયા તારીખ : | ૩૦–૦૮–૨૦૨૫ |
| રજી.લીધા તારીખ : | ૩૦–૦૮–૨૦૨૫ |
| ફેસલ થયા તારીખ : | ૨૫ –૦૬–૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ – માસ– દિવસ<br>૦૦ – ૦૯ – ૨૬ |

---

**ભીલોડાના મહે.પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભિલોડા,જી.અરવલ્લી.**

---

**સમરી દાવા નં. ૦૩/૨૦૨૫**
**આંક : ૧૧**

**વાદી:–** રાઠોડ કીરીટસિંહ તખતસિંહ,
ઉં.વ.આ.૪૩,ધર્મે :હિન્દુ, ધંધો :–ખેતી,
રહે.ધંબોલીયા,તા.ભિલોડા,જિ.અરવલ્લી.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:–** વાદી ચતુરભાઈ જીવાભાઈ,
ઉં.વ.આ.૬૨,ધર્મે :હિન્દુ,ધંધો :–ગેસ રીપેરીંગ,
રહે.ધંબોલીયા,તા.ભિલોડા,જિ.અરવલ્લી.

**દાવો: રૂા.૧,૯૦,૦૦૦/–ના આંકથી લ્હેણી રકમ વસુલ લેવા માટેનો**

---

**વાદી તર્ફે વિ.વ.શ્રી એસ.એ.પટેલ,**
**પ્રતિવાદી તર્ફે ''એકતરફી''**

---

**//ઠરાવ//**

(૧) વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,વાદી તથા પ્રતિવાદી અરજીના મથાળે દર્શાવેલ સરનામે રહે છે.વાદી ખેતી તથા પશુપાલનનો વ્યવસાય કરે છે તથા પ્રતિવાદી ધંબોલીયા ખાતે રહે છે અને ગેસ રીપેરીંગનો ધંધો કરે છે.વાદી અને પ્રતિવાદી બંને એક જ ગામના હોઈ અવારનવાર એકબીજાને મળવાનું થતા બંને વચ્ચે ઘરેલુ સબંધો કેળવાયેલા

તેથી બંને એકબીજાથી વર્ષોથી પરચીત છે.પ્રતિવાદી વાદી પાસે ગઈ તા.૧૪/૦૪/૨૦૨૪ ના રોજ ગયેલ અને તેઓને જણાવેલ કે,અમારે રૂપીયા ૨,૦૦,૦૦૦/-(બે લાખ પુરા) ની ગેંસ રીપેરીંગના ધંધા અર્થે છ મહીના ના સમય માટે પૈસાની જરૂરીયાત છે આવી વાત કરતા પ્રતિવાદીએ તેઓની સાથે અગાઉ નાણાકીય વ્યવહાર કરેલ હોય અને તે રકમ પરત વાયદા મુજબ આપી ગયેલ હોય જેથી તેમની ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી કહેલ કે હાલ રૂા.૨,૦૦,૦૦૦/-(બે લાખ પુરા)ની સગવડ ન હોય પરંતુ હાલ તેઓની પાસે રૂા.૧,૯૦,૦૦૦/- (એક લાખ નેવુ હજાર) હોય અને તે આપી શકીએ જેથી પ્રતિવાદીએ લેવાની તૈયારી બતાવતા વાદીએ તેમની માગણી મુજબ તા.૧૪/૦૪/૨૦૨૪ ના રોજ રૂા.૧,૯૦,૦૦૦/-(એક લાખ નેવુ હજાર) આપવાની તૈયારી બતાવતા તે જ દિવસે વાદીને પ્રોમીસરી નોટ લખી રૂાપીયા ૧,૯૦,૦૦૦/-(એક લાખ નેવુ હજાર)લખાણ કરી સાક્ષી રૂબરૂ સહી કરી આપેલ અને તે સમયે સાક્ષી તરીકે ભગોરા જયંતીભાઈ શીવાભાઈ તથા પાંડોર બાલાભાઈ પુંજાભાઈ,બંને રહે.ધંબોલીયા,તા.ભિલોડા,જિ.અરવલ્લી નાઓની રૂબરૂ સહી કરલ તે સમયે પ્રતિવાદીએ જણાવેલ કે,તમોને સદર રકમ છ માસમાં પરત ચુકવી આપીશું તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ અને સદરહુ પ્રોમીસરી નોટમાં પ્રતિવાદીએ તેઓની સહી રેવન્યુ ટીકીટ ઉપર કરી જણાવેલ કે,તમોએ આપેલ રકમ હાથ ઉછીની તમો જયારે અને જયાં માગો ત્યારે અને ત્યાં અમો આપવા બંધાયેલા છીએ તેવી હકીકત પ્રોમીસર નોટમાં લખી આપેલી તેથી વાદીએ પ્રતિવાદીને રૂા.૧,૯૦,૦૦૦/-(એક લાખ નેવુ હજાર) ઘરે બેસી ભગોરા જયંતીભાઈ શીવાભાઈ તથા પાંડોર બાલાભાઈ પુંજાભાઈ બંનેની હાજરીમાં આપેલા.આમ,વાદી પ્રતિવાદી પાસેથી લ્હેણી રકમ વસુલ મેળવવા હકકદાર છે.વધુમાં જણાવેલ છે કે,વાદીએ પ્રતિવાદીને છ માસનો સમય પુરો થતાં પ્રતિવાદી પાસેથી લ્હેણી રકમ

વસુલ લેવા માટે વારંવાર ઉઘરાણી કરી કરાવી તેમજ કહયુ કહેડાવ્યુ છતાં વાદીને સદરહું લ્હેણી રકમ પરત આપતા નથી અને એક યા બીજા બહાના બતાવી રૂા.૧,૯૦,૦૦૦/–(એક લાખ નેવુ હજાર) ચુકવી આપતા નથી અને તેમ કરવાનો પ્રતિવાદી ને કોઈ હકક,અધિકાર હતો નહી અને પ્રોમીસરી નોટની શરતો મુજબ વાદી જયારે અને જયાં જયાં માંગણી કરે ત્યારે અને ત્યાં વાદી પાસેથી લીધેલ લ્હેણી રકમ ચુકવી આપવા બંધાયેલા હતા અને છે.તેમ છતાં પ્રતિવાદીએ સદર હાથ ઉછીની રકમ ચુકવેલ નથી તેથી પ્રતિવાદી પાસેથી તેઓની દરેક પ્રકારની મિકલતમાંથી તેઓની લ્હેણી રકમ રૂા. ૧,૯૦,૦૦૦/–(એક લાખ નેવુ હજાર) ૧૨%ના વ્યાજ સહીત વસુલ મેળવવા હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોવાનું જણાવી દાદ માંગેલ છે કે :–

(એ) વાદીએ પ્રતિવાદીને તા.૧૪/૦૪/૨૦૨૪ ના રોજ છ માસ માટે રૂપીયા ૧,૯૦,૦૦૦/–(એક લાખ નેવુ હજાર)હાથ ઉછીના પ્રોમીસરી નોટથી આપેલ હોઈ અને તે રકમ છ માસનો સમય પુરો થયેથી ચુકવી આપવા પ્રતિવાદી બંધાયેલા હોવા છતા તેઓએ સદરહુ રકમ વાદીને ચુકવી આપેલ નથી તેથી પ્રતિવાદી વાદીની કાયદેસરની લ્હેણી રકમ રૂા.૧,૯૦,૦૦૦/–(એક લાખ નેવુ હજાર) પુરા ૧૨% ના વ્યાજ સહીત ચુકવી આપે અને ચુકવી ન આપે તો આ કામના પ્રતિવાદીની દરેક પ્રકારની મિલકતમાંથી વસુલ મેળવીએ તેવો હુકમ તથા હુકમનામું પ્રતિવાદીની વિરૂધ્ધમાં કરી આપવા મે. કરશોજી.

(બી) પ્રતિવાદીએ પ્રોમીસરી નોટની શરતો મુજબ વર્તન કરેલ ન હોય અને તેઓના કસુરના કારણે હાલનો દાવો કરવામાં થયેલ તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા હુકમ કરવા મે. કરશો જી.

(સી) આપ નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી દાદ અપાવો.

(૨) ઉપરોકત મુજબની હકીકતોવાળી દાવા અરજી દાખલ થતા આંક–૦૫ થી પ્રતિવાદી ને સમન્સ/ નોટીસ કાઢવામાં હુકમ કરવામાં આવેલ જે ધોરણસર બજી જવા છતાં પ્રતિવાદી જાતે કે તેઓના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ નથી કે દાવાના કામે કોઈ જવાબ કે બચાવ રજુ કરેલ ન હોઈ દાવાની કાર્યવાહી પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી હુકમ કરી દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ સદરહુ કામે વાદી તર્ફે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારના આધારકાર્ડની ટ્રુ કોપી | ૦૯ |
| ૨. | પ્રતિવાદીએ વાદીને આપેલ પ્રોમીસરી નોટ અસલ | ૧૦ |

(૪) ત્યારબાદ વાદી તર્ફે આંક–૦૬ થી સમન્સ ફોર જજમેન્ટ સોગંદનામા સહીત રજુ કરેલ છે જેમાં દાવા અરજીની હકીકતોને વળગી રહેલ છે જેથી પુનરાવર્તન ટાળવા અત્રે ચર્ચા કરેલ નથી.ત્યારબાદ પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) વાદી તર્ફે દાવા અરજીના સમર્થનમાં આંક–૧૦ થી પ્રતિવાદી એ આપેલ પ્રોમીસરી નોટ રજુ કરેલ છે.હાલનો દાવો વાદીએ સી.પી.સી. ઓર્ડર–૩૭ ના પ્રબંધ અનુસારનો દાખલ કરેલ છે અને હાલના દાવાના કામે પ્રતિવાદી જાતે કે તેમના વકીલ મારફતે દાવાના કામે હાજર થયેલ નથી તેમજ પ્રતિવાદી હાલના દાવાના કામે પોતાનો બચાવ રજુ કરવા હકક હોવા અંગેનું પુરતુ કારણ દર્શાવતી કોઈ હકીકત રેકર્ડ ઉપર જાહેર કરેલ નથી.આ સંજોગોમાં સૌ પ્રથમ તો સી.પી.સી.ઓર્ડર –૩૭ ના પ્રબંધો ધ્યાને લેવી જરુરી છે.

**<u>Order 37 Rule 1 sub clause (2) of the C.P.C. -</u>**

(2) subject to the provisions of Sub-rule (1), the Order applies to the following classes of suits, namely -

(a) Suits upon bills of exchange, hundies and promissory notes;

(b) Suits in which the plaintiff seeks only to recover a debt or liquidated demand in money payable by the defendant, with or without interest, arising -

(i) on a written contract; or

(ii) on an enactment, where the sum sought to be recovered is a fixed sum of money or in the nature of a debt other than a penalty; or

(iii) on a guarantee, where the claim against the principal is in respect of a debt or liquidated demand only;

(iv) suit for recovery of receivables instituted by any assignee of a receivable.

**Order 37 Rule 2 of the C.P.C. -**

**2 . Institution of summary suits—**

(1) A suit, to which this Order applies, may if the plaintiff desires to
proceed hereunder, be instituted by presenting a plaint which shall contain,—

(a) a specific averment to the effect that the suit is filed under this Order;

(b) that no relief, which does not fall within the ambit of this rule, has been claimed in the plaint;

(c) the following inscription, immediately below the number of the suit in the title of the suit, namely:—

"(Under Order XXXVII of the Code of Civil Procedure, 1907)."

(2) the summons of the suit shall be in Form No. 4 in Appendix B or in such other form as may, from time to time, be prescribed.

(3). The defendant shall not defend the suit referred to in sub- rule (1) unless he enters an appearance and in default of his entering an appearance the allegations in the plaint shall be deemed to be admitted and the plaintiff shall entitled to a decree for any sum, not exceeding the sum mentioned in the summons, together with interest at the rate specified, if any, up to the date of the decree and such sum for costs as may be determined by the High Court from time to time by rules made in that behalf and such decree may be executed forthwith.]

**Order 37 Rule 3 of the C.P.C. -**

**3 . Procedure for the appearance of defendant—**

(1) In a suit to which this Order applies, the plaintiff shall, together with the summons under rule 2, serve on the defendant a copy of the plaint and annexures thereto and the defendant may, at any time within ten days of such service, enter an appearance either in person or by pleader and, in either case, he shall file in Court an address for service of notices on him.

(2) Unless otherwise order, all summonses, notices and other judicial processes, required to be served on the defendant, shall deemed to have been duly served on him if they are left at the address given by him for such service.

(3) On the day of entering the appearance, notice of such appearance shall be given by the defendant to the plaintiff's pleader, or, if the plaintiff sues in person, to the plaintiff himself, either by notice delivered at or sent by pre-said letter directed to the address of the plaintiff's pleader or of the plaintiff, as the case may be.

(4) If the defendant enters an appearance, the plaintiff shall thereafter serve on the defendant a summons for judgment in Form No. 4A in Appendix B for such other Form as may be prescribed from time to time, returnable not less than ten days from the date of service supported by an affidavit verifying the cause of action and the amount claimed and stating that in his belief there is no defence to the suit.

(5) The defendant may, at any time within ten days from service of such summons for judgment, by affidavit or otherwise disclosing such facts as may be deemed sufficient to entitle him to defend, apply on such summons for leave to defend such suit, and leave to defend may be granted to him unconditionally or upon such terms as may appear to the Court or Judge to be just:

Provided that leave to defend shall not be refused unless the Court is satisfied that the facts disclosed by the defendant do not indicate that he has a substantial defence to raise or that the defence intended to be put up by the defendant is frivolous or vexatious:

Provided further that, where a part of the amount claimed by the the plaintiff is admitted by the defendant to be due from him, leave to defend the suit shall not be granted

unless the amount so admitted to be due is deposited by the defendant in Court.

(6) **<u>At the hearing of such summons for judgment</u>,—**

(a) **if the defendant has not applied for leave to defend,** or if such application has been made and is refused, **the plaintiff shall be entitled to judgment forthwith; or**

(b) if the defendant is permitted to defend as to the whole or any part of the claim, the Court or Judge may direct him to give such security and within such time as may be fixed by the Court or Judge and that, on failure to give such security with the time specified by the Court or Judge or to carry out such other directions as may have been given by the Court or judge, the plaintiff shall be entitled to judgment forthwith.

(7) The Court or Judge may, for sufficient cause shown by the defendant, execute the delay of the defendant in entering an appearance or in applying for leave to defend the suit.

(૬) ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતાં જયારે પ્રતિવાદીને દાવાના સમન્સની બજવણી થાય ત્યારે બજવણીની તારીખથી દિન–૧૦ની અંદર કોર્ટમાં હાજર થઈ તેના ઉપરની નોટીસની બજવણી માટેનું સરનામું ફાઈલ કરવું પડે.વધુમાં,એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે,જો પ્રતિવાદી હાજર ન થાય તો તે બચાવ કરી શકશે નહી અને દાવા અરજીમાના આક્ષેપો ગ્રાહ્ય રાખેલ છે એમ ગણાશે.

(૭) ઉપરોકત પ્રબંધો સાથે હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતાં,સદરહુ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની બજવણી તા.૦૨/૦૯/૨૫ ના રોજ થયેલ છે તેમ છતાં પ્રતિવાદી કોર્ટમાં હાજર થઈ બજવણીનું સરનામું જાહેર

કરેલ નથી.પ્રતિવાદી તર્ફે આ કામે બચાવ અંગે કે વાદીના દાવાની તથા દસ્તાવેજોની હકીકતોને ખંડનાત્મક પુરાવો કે હકીકત રેકર્ડ ઉપર મુકવામાં આવેલ નથી.આ સંજોગોમાં વાદીની દાવાની હકીકત તથા વાદીએ તર્ફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો સી.પી.સી.ના ઓર્ડર−૩૭ રૂલ ૨(૩)ની જોગવાઈઓ અનુસાર સ્વીકૃત બની રહે છે જેથી સી.પી.સી.ઓર્ડર−૩૭ નાં પ્રબંધ લક્ષમાં લેતાં,આ કામે દાવામાં જણાવેલ લ્હેણા અંગે વાદી હુકમનામું મેળવવા હકકદાર બને છે તેમ આ અદાલતનું માનવું છે. આ કામના આંક−૧૦ થી પ્રોમીસરી નોટમાં રૂપીયા ૧,૯૦,૦૦૦/− (એક લાખ નેવુ હજાર), તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ વાદીને સહી કરી લખી આપેલ તેમ છતાં વાદીએ નાણાની અવારનવાર માગણી કરવા છતા વાદીને પરત ચુકવી આપેલ નથી.આમ,વાદીએ પ્રતિવાદી પાસેથી પ્રોમીસરી નોટમાં જણાવ્યા મુજબની લેણી નિકળતી રકમ મળેવવા હકકદાર હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે

(૮) હવે,વાદીએ દાવાની લ્હેણી રકમ દાવાની તારીખથી દાવાની પુરેપુરી રકમની ચુકવણી ન થાય ત્યાં સુધી ૧૨% ટકાના વ્યાજના દરે વસુલ અપાવવા સબબની દાદ માંગેલ છે.સી.પી.સી.કલમ−૩૪ માં વ્યાજ સંબંધે જોગવાઈ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**34. Interest—**

(1) Where and in so far as a decree is for the payment of money, the Court may, in the decree, order interest at such rate as the Court deems reasonable to be paid on the principal sum adjudged, from the date of the suit to the date of the decree, in addition to any interest adjudged on such principal sum for any period prior to the institution of the suit, with further interest at such rate not exceeding six per

cent, per annum as the Court deems reasonable on such principal sum from the date of the decree to the date of payment, or to such earlier date as the Court thinks fit:

Provided that where the liability in relation to the sum so adjudged had arisen out of a commercial transaction, the rate of such further interest may exceed six per cent, perannum, but shall not exceed the contractual rate of interest or where there is no contractual rate, the rate at which moneys are lent or advanced by nationalised banks in relation to commercial transactions.

Explanation I.—In this sub-section, "nationalised bank" means a corresponding new bank as defined in the Banking Companies (Acquisition and Transfer of Undertakings) Act 1970 (5 of 1970).

Explanation II.—For the purposes of this section, a transaction is a commercial transaction, if it is connected with the industry, trade or business of the party incurring the liability.]

(૯) ઉપરોકત જોગવાઈ અનુસાર વાણિજિયક લેવડ–દેવડમાંથી જવાબદારી ઉત્પન્ન થયેલ હોય અને તે અંગેના કરારમાં વ્યાજનો દર નકકી કરેલ હોય તેવા સંજોગોમાં કરાર દ્વારા નકકી થયેલ વ્યાજના દરે વાદીને વ્યાજ ચૂકવી આપવા પ્રતિવાદીને કોર્ટ હુકમ કરી શકે છે.હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને લઈએ તો,વાદીએ પુરાવા લીસ્ટથી આ કામમાં આંક–૧૦ થી રજુ પ્રોમીસરી નોટમાં રૂા.૧,૯૦,૦૦૦/–(એક લાખ નેવુ હજાર), તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ વાદીને સહી કરી લખી આપેલ તેમ છતાં વાદીએ નાણાની અવારનવાર માગણી કરવા છતા વાદીને પરત ચુકવી આપેલ

નથી પરંતુ પ્રોમીસરી નોટમાં વ્યાજ અંગે કોઈ જ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમ છતાં હાલના પ્રવર્તમાન વ્યાજના દરો તથા રીઝર્વ બેંકના વ્યાજના પ્રવર્તમાન વ્યાજના ધારાધોરણો ધ્યાને લેતાં વાદીને ૬% લેખે વ્યાજ અપાવવું વ્યાજબી અને ઉચીત જણાઈ આવે છે.આમ,ઉપરોકત કાયદાકીય પ્રબંધ, કેસની હકીકતો અને સંજોગો વિગેરે તમામ લક્ષમાં રાખી,ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

///**<u>આખરી હુકમ</u>**///

૧. વાદીનો હાલનો દાવો **અશંતઃમંજુર** કરવામાં આવે છે.

૨. પ્રતિવાદીએ વાદીને રૂા. ૧,૯૦,૦૦૦/-(એક લાખ નેવુ હજાર પુરા) ની રકમ દાવાની તારીખથી વસુલ થતા સુધી વાર્ષીક ૬% ટકા ના સાદા વ્યાજદર સાથે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે તથા જે રકમની વસુલાત વાદી પ્રતિવાદીની દરેક પ્રકારની મિલકતથી કરી શકશે તેવો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં હુકમ કરવામાં આવે છે.

૩. વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવુ અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવુ.

સદરહુ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એમ.એ.મકરાણી)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
ભિલોડા
**UIC NO.GJ 01007**

તારીખ: ૨૫/૦૬/૨૦૨૬
મુકામ: ભીલોડા